**પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લૉક નં. ૧૨/૧, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, ઇ-મેઇલ dpegbranch@gmail.com**

ક્રમાંકઃપ્રાશિનિ/ગ-બદલી/ભાવનગર/૫૯૬૪૮/રજા/૨૨/૧૨૯-૮૨

તા.૨૫/૦૧/૨૦૨૨

**પ્રતિ,**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણ સમિતિ,**
**ભાવનગર**

**વિષયઃ પ્રસુતિ** રજાઓ બાબતે માર્ગદર્શન થઇ આવવા બાબત.
**સંદર્ભઃ** આપની કચેરીનો પત્ર ક્રઃડીપી/શિ/ભરતી/વશી/૨૮૦/૨૦૨૧, તા.૦૫/૧૦/૨૦૨૧

**ઉપરોકત વિષય પરત્વે** જણાવવાનું કે, આપની કચેરીના સંદર્ભદર્શિત **પત્રથી** જિલ્લા શિક્ષણ સમિતિ, ભાવનગર **હસ્તકના વલ્લભીપુર** તાલુકાની માનસ કુમાર પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયક તરીકે ફરજ બજાવતા શ્રી **મનિષાબેન વિનોદભાઇ પટેલની તા.૨૩/૦૧/૨૦૧૦ થી** તા.૦૬/૦૬/૨૦૧૦ સુધીની દિન-૧૩૫ ની પ્રસુતિ સબબની કપાત પગારી **રજાનો સમયગાળો** પૂર્ણ વેતનના સમયગાળામાંથી ૧૩૫ દિવસ પાછળ લઇ જવો કે પૂર્ણ વેતનના **સમયગાળામાં ગણવો?** તે અંગે આ કચેરીનું માર્ગદર્શન માંગેલ છે.

**પ્રસ્તુત બાબતે** સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૬/૨૦૧૫ના **પરિપત્રથી** કરેલ જોગવાઇ મુજબ બાંધ્યા **પગારની જોગવાઇ** હેઠળ **નિમણૂંક** પામેલ મહિલા કર્મચારીને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો-૨૦૦૨ મુજબ **પ્રસુતિ રજા મળવાપાત્ર થશે.** કરારીય સમયગાળો પૂર્ણ કરતી વેળાએ આ પ્રસુતિ રજા જેટલો સમયગાળો કરારીય **સમયગાળામાં ઉમેરવાનો રહેશે** નહી, તેવી જોગવાઇઓ કરવામાં આવેલ છે. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો-**૨૦૦૨ના નિયમ-૬૯ (૨)** મુજબ કાયમી નોકરી ન હોય પરંતુ જેણે ઓછામાં ઓછા એક વર્ષની સળંગ નોકરી કરી **હોય તેવા મહિલા કર્મચારીને** આવી રજાઓ મળવાપત્ર હોવાની જોગવાઇ છે. એટલે કે સામાન્ય વહીવટ વિભાગના **તા.૩૦/૬/૨૦૧૫ તથા ગુજરાત** મુલ્કી સેવા (રજા) નિયમો-૨૦૦૨ના નિયમ-૬૯ મુજબ બાંધ્યા પગારે નિમણૂંક પામેલ મહિલા કર્મચારીને નોકરીનું એક વર્ષ પૂર્ણ કર્યા બાદ નિયમાનુસાર પ્રસુતિની રજા મળવાપાત્ર હોઇ સામાન્ય વહીવટ વિભાગના ઉક્ત તા.૩૦/૬/૨૦૧૫ના પરિપત્ર મુજબ કરારીય સમયગાળો પૂર્ણ કરતી વેળાએ આ પ્રસુતિ **રજા જેટલો સમયગાળો** કરારીય સમયગાળામાં ઉમેરવાનો રહેતો નથી. પરંતુ સદર કેસમાં મજકુર શ્રી મનિષાબેન **વિનોદભાઇ પટેલએ વિદ્યાસહાયક** તરીકેની નોકરીના એક વર્ષની અંદર પ્રસુતિની રજા ભોગવેલ હોઇ, તેઓને પ્રસુતિ **સબબની રજા મળવાપાત્ર** થાય નહી. તેથી મજકુર કર્મચારીની ૧૩૫ દિવસની કપાત ગણી પૂર્ણ વેતનના **સમયગાળામાં ૧૩૫ દિવસ** પાછળ લઇ જવાના થાય એટલે કે ૧૩૫ દિવસ પૂર્ણ વેતન મોડુ થાય.

**નોંધ પર નિયામકશ્રીના** આદેશાનુસાર.......

(એમ.કે.રાવલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાનાઃ**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ**
**શાસનાધિકારીશ્રી, તમામ**
**૨/ ઉક્ત ફકરા નં.૨ મુજબની સૂચનાઓ** આવા સમાન પ્રકારના કિસ્સામાં ધ્યાને લઇ કાર્યવાહી કરવા કરવા સારૂ....

E:\G5\Work\G5_2019\મુસદ્દો.doc

320